### પેટલાદના ખડાણા ગામમાં પ્રેમપ્રકરણમાં યુવકની ક્રૂર હત્યા થઈ હોવાની આશંકા

# પેટલાદના ખેડાસામાં ગળું રહેંસી યુવાનની કરપીણ હત્યા કરાઈ

**એલસીબી** અને સ્થાનિક પોલીસે શંકાસ્પદોની અટકાયત કરી તપાસ તેજ કરી


તસવીર: વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.2

પેટલાદ તાલુકાના ખડાણા ગામે સોમવાર સવારના સુમારે એક 45 વર્ષીય યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા મારી અને ગુપ્તાંગ કાપીને ક્રૂર હત્યા કરવામાં આવતા સમગ્ર જિલ્લામાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાથમિક તપાસમાં આ હત્યા પાછળ પ્રેમપ્રકરણ જવાબદાર હોવાની આશંકા સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પેટલાદના ખડાણા ગામના રામદેવવાળા ફળિયામાં સોમવાર સવારે એક યુવાનની લોહીથી લથપથ લાશ મળી આવી હતી. આ મૃતકની ઓળખ બાબુભાઈ આશાભાઈ પરમાર (ઉં.વ.45) તરીકે થઈ છે, જેઓ મૂળ ખંભાતના કાણીસા ગામના વતની હતા અને છેલ્લા કેટલાક સમયથી ખડાણા ગામે પોતાની માસીના ઘરે રહી મજૂરીકામ કરતાં હતાં. પ્રાથમિક તપાસમાં જ હત્યારાઓએ બાબુભાઈના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યા હતા અને તેમનું ગુપ્તાંગ કાપીને નજીકમાં ફેંકી દીધું હતું.

આ ઘટનાની જાણ થતા જ પેટલાદના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એસ. બી. કુંપાવત અને લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ગામના સરપંચની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ અંગે તપાસ માટે ડોગ સ્ક્વોર્ડ, એફએસએલ (FSL) અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જે રીતે હત્યા કરવામાં આવી છે, તે જોતા અંગત અદાવત કે પ્રેમપ્રકરણને કારણે થઈ હોવાનું મનાય છે. આ હત્યા ગત મોડી રાત્રિના સમયે કરવામાં આવી હોવાની શક્યતા છે. હાલ પોલીસે બે થી ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓને રાઉન્ડ અપ કરીને પૂછપરછ શરૂ કરી છે અને ટૂંક સમયમાં જ હત્યાના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે. મૃતદેહને પીએમ માટે પેટલાદની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

### ચકલાસીમાં સંતરામ મંદિરના નૂતન ભવનનો મંગલ પ્રારંભ



**નડિયાદ** ગાદી અંતર્ગત ચકલાસીમાં નવનિર્મિત સંતરામ મંદિર ખાતે પાંચ દિવસીય મહોત્સવનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. મહોત્સવના પ્રથમ દિવસે જૂના મંદિરેથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા નૂતન મંદિરે પહોંચી હતી, જ્યાં મહારાજશ્રી દ્વારા પાદુકા અને અખંડ જ્યોત સાથે વિધિવત પ્રવેશ કરવામાં આવ્યો હતો. આ મંગલ અવસરે ગુજરાત સહિત દેશ-વિદેશથી મોટી સંખ્યામાં NRI પરિવારો અને શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને સમગ્ર વાતાવરણ 'જય મહારાજ'ના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું. આગામી પાંચ દિવસ સુધી અહીં વિષ્ણુમહાયાગ, શિખર પ્રતિષ્ઠા અને સંતરામ માનસ કથા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## કઠાણા પાસે કારે બે બાઈકને અડફેટે લેતા એકનું કરુણ મોત

(પ્રતિનિધિ) બોરસદ તા.2

બોરસદ તાલુકાના ડાલી-બોરસદ રોડ ઉપર આવેલા કઠાણા ગામની રામપુરા નહેર પાસે ગત રાત્રિના સુમારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે જતી એક કારના ચાલકે બે અલગ-અલગ બાઈકને ટક્કર મારતા એક વ્યક્તિનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બેને ગંભીર રીતે ઘાયલ થયા છે.

કઠાણા ગામે રહેતા મુકેશભાઈ ગણપતભાઈ પરમાર બાઈક લઈને કલમસર ખાતે રહેતા તેમના ફોઈના ઘરે જવા નીકળ્યા હતા. રામપુરા નહેર પાસે પહોંચતા જ પાછળથી પૂરઝડપે આવેલી એક કારે તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે તેઓ રોડ પર પટકાયા હતા. અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલકે બોરસદ તરફ ભાગવા માટે કાર પાછી વાળી હતી, પરંતુ આ દરમિયાન સામેથી આવતા અન્ય એક બાઈકને પણ અડફેટે લીધું હતું. આ બીજા બાઈક પર સવાર બદલપુરના અર્જુનભાઈ ભીમાભાઈ ચુનારા વાઘરી અને દિનેશભાઈ રઈજીભાઈ ચુનારા વાઘરીને હાથે-પગે ઈજાઓ પહોંચી હતી. બંને બાઈકોને ટક્કર માર્યા બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો.

આ અકસ્માત બાદ 108 મારફતે ત્રણેય ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મુકેશભાઈ પરમારને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે શૈલેષભાઈ પરમારની ફરિયાદના આધારે વીરસદ પોલીસે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### તમાકુના વેપારીને આંશિક રાહત: કેન્દ્ર સરકારે 18% એક્સાઈઝ ડ્યૂટી હટાવી

# ચરોતરમાં તમાકુના વેપારી 40 ટકા GST સામે આંદોલન કરશે

**પાડગોલ** ખાતે 700થી વધુ વેપારીઓ-ખેડૂતોની મહાબેઠક યોજાઇ

(પ્રતિનિધિ) પેટલાદ તા.2



પેટલાદના પાડગોલ ખાતે સોમવારના રોજ ચરોતર તમાકુ વહેપારી એસોસિયેશનની જનરલ મિટિંગ યોજાઈ હતી, જેમાં ચરોતર ખેડૂત સંગઠનના અગ્રણીઓ અને 700થી વધુ વહેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કેન્દ્ર સરકારના નવા ગેજેટ મુજબ કાચા તમાકુ પરની 18 ટકા સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટી નાબૂદ કરવામાં આવતા એસોસિયેશન દ્વારા આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. જોકે, 40 ટકા જેટલા તોતિંગ GSTના બોજ સામે વેપારીઓ અને ખેડૂતોમાં હજુ પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આગામી સમયમાં મોટા આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

કેન્દ્ર સરકારના 31મી ડિસેમ્બરના ગેજેટ મુજબ કાચા તમાકુ પર જીએસટી 28 ટકાથી વધારીને 40 ટકા અને એક્સાઈઝ ડ્યૂટી 18 ટકા લાદવામાં આવી હતી. આ આકરા કરભાર સામે વ્યાપક વિરોધ બાદ સરકારે પહેલી ફેબ્રુઆરીના રોજ કાચા તમાકુના વેપાર પરથી 18 ટકા સેન્ટ્રલ એક્સાઈઝ હટાવવાની જાહેરાત કરી છે. તેમ છતાં, સમગ્ર ગુજરાતના ખેડૂતો અને વેપારીઓ હજુ પણ 40 ટકા જીએસટીના અસહ્ય બોજ હેઠળ દબાયેલા છે. આ અંગે એસોસિયેશનના મતે, આટલો ઊંચો કરવેરો ચૂકવવો નાના વેપારીઓ માટે અત્યંત મુશ્કેલ છે અને તેની સીધી માઠી અસર ખેડૂતોની આર્થિક સ્થિતિ પર પડશે. ખેડૂત અને વેપારી એકબીજાના પૂરક હોવાથી આ 'મરણતોલ ફટકા' સામે એક થઈને લડત આપવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે. જો સરકાર દ્વારા માંગણીઓનું સત્વરે નિરાકરણ નહીં લાવવામાં આવે તો ચરોતરના ખેડૂતો 'મહાપંચાયત'નું આયોજન કરી રસ્તા પર ઉતરશે અને પ્રદેશનું સૌથી મોટું આંદોલન કરશે તેવી ચેતવણી આપવામાં આવી છે.

## ખંભાતમાં ROBની કામગીરીને પગલે ભારે વાહનો પર પ્રતિબંધ

**અધિક જિલ્લા** મેજિસ્ટ્રેટ દ્વારા ભારે વાહનો માટે ડાયવર્ઝન જાહેર કરાયું

(પ્રતિનિધિ) ખંભાત તા.2

ખંભાત ખાતે એલસી 51 પર રેલવે ઓવરબ્રિજની કામગીરી હાલ પ્રગતિમાં હોવાથી સલામતીના હેતુસર આ માર્ગ પરથી પસાર થતા ભારે તથા મધ્યમ વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકી ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યું છે.

આણંદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા મુજબ, વાહન વ્યવહાર માટે વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યા છે. ખંભાત સીટી રોડ ઉપર નાની ખોડીયાર મંદિરથી આર.સી. અમીન પેટ્રોલ પંપ તરફ જતો રસ્તો બંધ રહેશે. જેથી વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ-1951ની કલમ-131 હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આ જાહેરના મુજબ, નાના વાહનો માટે રેલવે ફાટકથી ખોડીયાર મંદિર, ગ્રામ્ય પોલીસ ચોકી, માધવલાલ હાઈસ્કૂલ થઈ લાલ દરવાજા તરફ જઈ શકાશે. (અંદાજિત અંતર દોઢ કિલોમીટર). મોટા વાહનો માટે કંસારીની ખોડીયાર ચોકડીથી કાણીસા ચોકડી, કાણીસા ગામ, સાંઠ ચોકડી, જીણજ થઈ દહેડા તરફ અવરજવર કરી શકશે. મધ્યમ તથા ભારે વાહનો માટે ખંભાત તરફ આવતા વાહનો કાણીસા ચોકડીથી કાણીસા ગામ, હરિયાણ, રંગપુર, સાંઠ ચોકડી, જીણજ થઈ દહેડા તરફ જઈ શકશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વલ્લભ વિદ્યાનગરની જીસેટ કોલેજમાં રાષ્ટ્રીય કક્ષાનો હેકાથોન યોજાયો

**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (GCET) અને Odoo India ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાનો 24 કલાકનો હેકાથોન સફળતાપૂર્વક યોજાયો હતો. આ સ્પર્ધાના ફાઇનલ રાઉન્ડમાં દેશભરની 50 જેટલી કોલેજોના 322 વિદ્યાર્થીઓએ ભાગ લઈ આધુનિક ટેક્નોલોજી અને એપીઆઇ ના ઉપયોગ દ્વારા જટિલ ઔદ્યોગિક સમસ્યાઓના નવીન સોલ્યુશન તૈયાર કર્યા હતા. આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને Odoo કંપની તરફથી ઉચ્ચ પગાર સાથે રોજગારી મળવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી હતી.




### વસોની મલિયાતજ શાળામાં આરટીઓ દ્વારા માર્ગ સલામતી સેમિનાર યોજાયો



**વસો** | વસોની મલિયાતજ શાળામાં આરટીઓ દ્વારા માર્ગ સલામતી સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં 250 જેટલા વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના નિયમોથી માહિતગાર કરાયા હતા. આરટીઓ ઇન્સ્પેક્ટર એન.બી. પ્રજાપતિએ પ્રેઝન્ટેશન દ્વારા બાળકોને ટ્રાફિક નિયમો સમજાવ્યા અને રોડ સેફ્ટી પેમ્પલેટનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને તેમના માતા-પિતા અને સંબંધીઓ પણ રોડ સેફ્ટીના નિયમોનું પાલન કરે તે માટે અનુરોધ કરવા જણાવાયું હતું. RTO કચેરી દ્વારા આયોજિત સેમિનારનો મુખ્ય હેતુ શાળા સલામતી સપ્તાહની ઉજવણી અને માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### મોગરની શાળામાં 'શાળા સલામતી સપ્તાહ' અંતર્ગત ફાયર બ્રિગેડ દ્વારા ફાયર અવેરનેસ ટ્રેનિંગ યોજાઈ

આણંદ | 'શાળા સલામતી સપ્તાહ' નિમિત્તે કરમસદ - આણંદ ફાયર બ્રિગેડ દ્વારા મોગરની કુમાર અને કન્યા શાળાના 374 વિદ્યાર્થીઓ અને 10 શિક્ષકો માટે ફાયર સેફ્ટી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આણંદ ફાયર ઓફિસરની સૂચના હેઠળ ફાયર ટીમ દ્વારા ઉપસ્થિતોને આગ બુઝાવવાની વિવિધ પદ્ધતિઓ અને ફાયર બ્રિગેડની કામગીરી વિશે ઊંડાણપૂર્વક માહિતગાર કરવામાં આવ્યા હતા. શાળાના અગ્નિશામક યંત્રોનો ઉપયોગ કરી લાઈવ પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન દ્વારા આગ પર કેવી રીતે કાબૂ મેળવવો તેનું જીવંત પ્રદર્શન કરી સંપૂર્ણ સમજૂતી આપવામાં આવી હતી.



### કપડવંજમાં ભક્તિભાવ સાથે વિશ્વકર્મા જયંતીની ઉજવણી: ભવ્ય પાલખી યાત્રા યોજાઈ

**કપડવંજ** | કપડવંજમાં વસતા સુથાર અને પંચાલ પરિવારો દ્વારા તેમના આરાધ્યદેવ વિશ્વકર્મા ભગવાનની જન્મજયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નદી દરવાજા પાસે આવેલા કુંભારવાડાથી ભગવાનની શણગારેલી પાલખી યાત્રા શહેરના રાજમાર્ગો પર ફરી કુબેરજી મહાદેવ મંદિર પહોંચી હતી. કુબેરજી મહાદેવ ખાતે બિરાજમાન વિશ્વકર્મા ભગવાનની મૂર્તિ સમક્ષ પાલખી લાવી ભક્તોએ દર્શન અને પૂજનનો લાભ લીધો હતો. આ ઉત્સવમાં બાળકો, સ્ત્રીઓ અને યુવાનો સહિત મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.



### કપડવંજમાં 145 વર્ષ જૂના શ્રી નેમિનાથ દેરાસરની ભવ્ય સાલગીરાહની ઉજવણી કરાઇ

કપડવંજ | કપડવંજમાં અંતીસર દરવાજા બહાર આવેલ આશરે 145 વર્ષ જૂના શ્રી નેમિનાથ દેરાસરની સાલગીરાહ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી. આ પાવન પ્રસંગે વહેલી સવારે ભગવાનનો અભિષેક અને સ્નાત્ર પૂજાના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ મંગલમય અવસરે દેરાસરના શિખર પર વિધિવત રીતે ધ્વજારોહણ પણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં જૈન ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.



### કપડવંજમાં ભારત વિકાસ પરિષદ દ્વારા દબદબાભેર બોક્ષ ક્રિકેટ સ્પર્ધા યોજાઈ

**કપડવંજ** | ભારત વિકાસ પરિષદ કપડવંજ શાખા દ્વારા મુખ્યાજી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પરિવારના સદસ્યો માટે પ્રથમવાર બોક્ષ ક્રિકેટ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. હીમાંશુભાઇ શાહ દ્વારા ઉદ્ઘાટિત આ સ્પર્ધામાં કુલ 12 ટીમ (4 મહિલા અને 8 પુરુષ) ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં યુવા સંયોજક યોગેશ પટેલનું આયોજન પ્રશંસનીય રહ્યું હતું. રસાકસીભરી સ્પર્ધામાં મહિલા વિભાગમાં 'ટીમ ઉડાન' અને પુરુષ વિભાગમાં 'ચંદ્રશેખર આઝાદ ટીમ' ચેમ્પિયન બની હતી, જ્યારે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે દેવસ્ય પટેલ અને જીગીષા પટેલ વિજેતા બન્યા હતા. ૪. સંસ્થાના પ્રમુખ ડો. એ. જે. રાવલ અને મંત્રી શાંતિલાલ પ્રજાપતિની ઉપસ્થિતિમાં વિજેતા ટીમો અને ટ્રોફી એનાયત કરી હતી.



### સરદાર પટેલ યુનિ. ખાતે 'સર્વાઇકલ કેન્સર વેક્સિનેશન ડ્રાઈવ' સફળતાપૂર્વક સંપન્ન

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના વુમન સેલ અને MBA વિભાગ દ્વારા સ્વ. આશિષ શાહની સ્મૃતિમાં રસીકરણ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધા શાહ દ્વારા પ્રાયોજિત આ કાર્યક્રમમાં કુલ 35 વિદ્યાર્થિનીઓને Protect her for tomorrow" સૂત્ર હેઠળ રસી આપવામાં આવી હતી. વાઇસ ચાન્સેલર પ્રો. નિરંજન પટેલ અને પ્રો. દર્શના દવેની હાજરીમાં આ કાર્યક્રમ દ્વારા મહિલા સ્વાસ્થ્ય જાગૃતિનો મહત્વનો સંદેશ આપવામાં આવ્યો હતો. હેલ્થ સેન્ટરના ડો. વૈદેહી પટેલની ટીમે ચોક્સાઈપૂર્વક રસીકરણ પૂર્ણ કરી સામાજિક જવાબદારીનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



### તારાપુરમાં ધારાસભ્ય વિપુલભાઈ પટેલના હસ્તે એક કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું



**તારાપુર** | સોજીત્રા વિધાનસભાના તારાપુર શહેરમાં અંદાજીત રૂ. એક કરોડ ઉપરાંતના ખર્ચે નવનિર્માણ પામનાર ગાંધી બાગ તથા વોટર વર્કર્સના ડેવલપમેન્ટના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં વિધિવત રીતે સંપન્ન થયું હતું. આ પ્રસંગે મામલતદાર, ચીફ ઓફિસર સહિત સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ અને વિવિધ સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### આણંદમાં ખડાયતા પરિષદ વિભાગીય સમિતિની સ્થાપના કરાઇ



**આણંદ** | વિઠ્ઠલ ઉદ્યોગનગર ખાતે ખડાયતા પરિષદ વિભાગીય સમિતિ- આણંદની સ્થાપના તથા શપથવિધી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પરિષદના પ્રમુખ બિપીનભાઈ એમ. શાહ, ઉપપ્રમુખ, ટ્રસ્ટી, કારોબારી સભ્યો તથા મોટી સંખ્યામાં સમાજના આગેવાનો હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે એનડીડીબીના ચેરમેન ડો. મીનેશભાઈ સી. શાહ હાજર રહ્યાં હતાં. ખડાયતા પરિષદ વિભાગીય સમિતિના પ્રમુખ જીગેશ શાહ, મંત્રી નિમેષ ઓ. શાહ, ઉપપ્રમુખ કમલેશભાઇ આર. પરીખ, રાકેશ શાહ, સહમંત્રી તરીકે ડો. ધવલ બી. શાહ, ખજાનચી તરીકે હિરેન કે. શાહ સહિત ટ્રસ્ટીઓની પણ નિમણૂંક કરાઇ હતી.

### આણંદના કર્મરાજ ફાઉન્ડેશન ખાતે બાળકો માટે 'કિશોરોના અધિકારો' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**આણંદ** | આણંદ સ્થિત કર્મરાજ ફાઉન્ડેશન ખાતે બાળકો માટે એક વિશેષ કાયદાકીય જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આણંદ ડિસ્ટ્રિક્ટ કોર્ટના પેરા લીગલ વોલેન્ટિયર્સ રવિ સિંધવ અને વિધિ પંડ્યાએ બાળકોને કિશોરોના અધિકારો વિશે સરળ ભાષામાં સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોની સાથે વાલીઓએ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કાયદાકીય બાબતો અંગે પોતાના મુંઝવતા પ્રશ્નોની નિષ્ણાતો સાથે ચર્ચા કરી હતી. આ આયોજન દ્વારા સમાજમાં બાળકોના અધિકારો પ્રત્યે સભાનતા અને જાગૃતિ કેળવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.



### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ખેડૂતો માટે પંચ-દિવસીય 'પ્રાકૃતિક કૃષિ' તાલીમ કાર્યક્રમ સંપન્ન



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમી વિભાગ દ્વારા આણંદ, વડોદરા અને ભરૂચ જિલ્લાના 27 ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.. આ કાર્યક્રમમાં ખેડૂતોને જીવામૃત, નિમાસ્ત્ર અને આચ્છાદન જેવી પદ્ધતિઓની પ્રાયોગિક તાલીમ આપવા સાથે પ્રગતિશીલ ખેડૂતોના ફાર્મ અને યુનિવર્સિટીના સંશોધન પ્લોટની મુલાકાત કરાવાઈ હતી. આ સમાપન સમારોહમાં કુલપતિ ડો. કે. બી. કથીરીયાએ ખેડૂતોને નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ પ્રાકૃતિક ખેતી અપનાવી રસાયણમુક્ત ખેતી કરવા પ્રોત્સાહિત કર્યા હતાં.